તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૩૩ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૩૭ | ૮ નવેમ્બર, ૨૦૧૬, મંગળવાર ; કારતક સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજે અમેરિકામાં પ્રમુખપદ માટે મતદાન



## ટ્રમ્પ- હિલેરી વચ્ચે તીવ્ર સ્પર્ધા : વિશ્વના સૌથી તાકતવર દેશમાં યોજાનારી ચૂંટણી ઉપર વિશ્વના તમામ દેશોની નજર કેન્દ્રિત થઇ : એગ્ઝિટ પોલ મુજબ હાલ હિલેરી હોટફેવરીટ

વોશિંગ્ટન,તા. ૭

વિશ્વભરની જેના પર નજર કેન્દ્રિત થઇ ગઇ છે તે અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણી આવતીકાલે આઠમી નવેમ્બરના દિવસે યોજનાર છે. ચૂંટણી પહેલા છેલ્લા દાવમાં ડેમોક્રેટ ઉમેદવાર હિલેરી ક્લિન્ટન પોતાના નજીકના હરિફ રિપબ્લિકન પાર્ટીના ડોનાલ્ડ ટ્રમ્પ પર નજીકી લીડ ધરાવે છે. ચૂંટણી પહેલા થયેલા છેલ્લા સર્વેમાં હિલેરી ટ્રમ્પ પર માત્ર બે ટકાની લીડ ધરાવે છે. આનો મતલબ એ થયો કે સ્પર્ધા ખુબ ગળા કાપ રહેનાર છે. ફોક્સ ન્યુઝના સર્વે મુજબ હિલેરી ૪૫ ટકા અને ટ્રમ્પને ૪૩ ટકા મત મળી રહ્યા છે. અમેરિકામાં આવતીકાલે આઠમી નવેમ્બરના દિવસે યોજનાર ચૂંટણીને લઇને ૨૦ કરોડ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે તૈયાર દેખાઇ રહ્યા છે. આમાંથી ત્રણ કરોડ ૫૦ લાખ મતદારો પહેલાથી જ તેમના મતાધિકારનો ઉપયોગ કરી ચુક્યા છે. હિલેરી અને ડોનાલ્ડ ટ્રમ્પને કેટલા ચૂંટાયેલા મંડળના મત

● અનુસંધાન પાન-૭ પર

## પૂર્વ જવાનના પરિવારને એક કરોડ આપવા પર સ્ટે

### અરવિંદ કેજરીવાલને દિલ્હી હાઇકોર્ટે ફટકો આપ્યો : બે જુદી જુદી અરજીઓ ઉપર હાઇકોર્ટમાં ચુકાદો અનામત રહ્યો : આગામી સોમવારે મામલામાં વધુ સુનાવણી કરાશે




નવીદિલ્હી,તા. ૭

વન રેંક વન પેન્શન (ઓઆરઓપી)ના મુદ્દે આત્મહત્યા કરી લેનાર પૂર્વ જવાન રામકિશન ગ્રેવાલના પરિવારને એક કરોડ રૂપિયા આપવાના મામલામાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને મોટો ફટકો પડ્યો છે. દિલ્હી હાઈકોર્ટે આ નિર્ણય ઉપર સ્ટે મુકી દીધો છે. આજે આની સામે દાખલ કરવામાં આવેલી બે અલગ અલગ અરજી ઉપર કોર્ટે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. કોર્ટ હવે આગામી સોમવારના દિવસે આ મામલે સુનાવણી હાથ ધરશે. અરજી ઉપર સુનાવણી મુખ્ય ન્યાયાધીશ જી રોહિણી અને ન્યાયમૂર્તિ સંગીતા ઠીંગરા દ્વારા કરવામાં આવી હતી. દિલ્હી સરકારની આ અરજીઓને અયોગ્ય ગણાવીને કહેવામાં આવ્યું હતું કે, તે સંદર્ભમાં રાજ્યપાલની મંજુરી હજુ મળી શકી નથી. એક કરોડ આપવાની બાબતને મંજુરી મળી નથી. દિલ્હી સરકારના વરિષ્ઠ વકીલ રાહુલ મહેરાએ

● અનુસંધાન પાન-૭ પર

# સોનિયા ગાંધી જ કોંગ્રેસ પ્રમુખ રહેશે

## કોંગ્રેસ કારોબારીની બેઠકમાં રાહુલના મુદ્દા ઉપર ચર્ચા વિચારણા : યુપી, પંજાબ સહિત વિવિધ રાજ્યોમાં ચૂંટણી હોવાથી હાલમાં મુદ્દાને ટાળી દેવાનો નિર્ણય : રાહુલને પક્ષ પ્રમુખ બનાવવા એન્ટોની, મનમોહનની તરફેણ

નવીદિલ્હી,તા. ૭

કોંગ્રેસ પાર્ટીના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીના પ્રમોશનને ફરી એકવાર ટાળી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. હાલમાં સોનિયા ગાંધી જ પાર્ટીના પ્રમુખ તરીકે રહેશે. કોંગ્રેસે સંગઠનની ચૂંટણી માટે એક વર્ષનો સમય માંગ્યો છે. પાર્ટીએ આના માટે ચૂંટણી પંચને પત્ર લખ્યો છે. જાણકાર લોકોનું કહેવું છે કે, પાર્ટી હજુ ઉત્તર પ્રદેશ, પંજાબ સહિત જુદા જુદા રાજ્યોમાં સૂચિત ચૂંટણીની તૈયારીમાં લાગેલી છે અને આવી સ્થિતિમાં સંગઠનમાં ફેરફારને યોગ્યરીતે ગણી શકાય નહીં. સોમવારના દિવસે કોંગ્રેસ કારોબારી સમિતિની બેઠકમાં સર્વસંમતિથી આ માંગણી ઉઠાવવામાં આવી હતી કે, રાહુલ ગાંધીને હવે પાર્ટી પ્રમુખ તરીકેની જવાબદારી સોંપી દેવી જોઇએ. કેટલાક સભ્યોએ એવી ઇચ્છા પણ વ્યક્ત કરી હતી કે, છેલ્લા કેટલાક સમયથી કેટલાક મુદ્દા ઉપર રાહુલ ગાંધીએ આક્રમક વલણ અપનાવ્યું છે. ખાસ કરીને વન રેંક વન પેન્શનના મુદ્દા ઉપર જે રીતે મુદ્દો ઉઠાવ્યો છે તેનાથી પાર્ટીના કાર્યકરોમાં હકારાત્મક સંદેશો ગયો છે. આનાથી સીધો ફાયદો કોંગ્રેસ પાર્ટીને થશે. સભ્યોએ એમ પણ કહ્યું છે કે, આ સંબંધમાં પાર્ટી પ્રમુખને જાણ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર



## મહાગઠબંધન અંગે નિર્ણય મુલાયમ કરશે : અખિલેશ

લખનૌ,તા. ૭

ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટે મહાગઠબંધનની રચના કરવામાં આવશે કે કેમ તે અંગે નિર્ણય સમાજવાદી પાર્ટીના વડા મુલાયમસિંહ યાદવ કરશે તેવો દાવો આજે મુખ્યમંત્રી અખિલેશ યાદવે કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, કોઇપણ પ્લેટફોર્મ ઉપર જરૂરી સૂચનો તેમના દ્વારા ચોક્કસપણે કરવામાં આવશે. અખિલેશે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, તેઓ સૂચન કરી ચુક્યા છે. ભવિષ્યમાં પણ સૂચન કરશે. કોને લાભ થશે. કોને નુકસાન થશે તે અંગે તેઓ પડવા માંગતા નથી. મુલાયમસિંહ દ્વારા આ અંગે નિર્ણય લેવાશે. ગાયત્રી પ્રજાપતિના સત્તાવાર નિવાસસ્થાનની બહાર પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે, સમાજવાદી પાર્ટી ચૂંટણીને લઇને તૈયાર છે.

## દરેક આરટીઆઇ અરજીનો જવાબ અપાય તે ખુબ જરૂરી

### કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહનો સ્પષ્ટ મત : પારદર્શક કાયદા વર્તમાન સમયમાં હાથ ધરાય તે જરૂરી આરટીઆઇ લોકો અને સરકાર વચ્ચે વાતચીતનું માધ્યમ

નવીદિલ્હી,તા. ૭

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, દરેક આરટીઆઇ અરજીનો જવાબ આપવામાં આવે તે જરૂરી છે. અરજીદાર દ્વારા માંગ કરવામાં આવેલી માહિતી મુજબ દરેક આરટીઆઇ અરજીનો યોગ્યરીતે જવાબ અધિકારીઓએ આપવો જોઇએ. રાજનાથસિંહે ભારપૂર્વક કહ્યું હતું કે, વર્તમાન સમયમાં પારદર્શી કાયદાઓનું મહત્વ વધી ગયું છે. સેન્ટ્રલ ઇન્ફોર્મેશન કમિશનના એક કાર્યક્રમમાં રાજનાથસિંહે કહ્યું હતું કે, તેમના મંત્રાલય દ્વારા હાલમાં જ આ સંદર્ભમાં સ્પષ્ટ સૂચના આપી દેવામાં આવી છે. તમામ અરજીઓનો જવાબ આપવામાં આવે તેમ સરકાર ઇચ્છે છે. સેન્ટ્રલ પબ્લિક ઇન્ફોર્મેશન ઓફિસર અને ઇન્ફોર્મેશન કમિશનરો સહિત એકત્રિત થયેલા લોકોને સંબોધતા રાજનાથસિંહે આ મુજબની વાત કરી હતી. દરમિયાન રાજનાથસિંહે આજે સેન્ટ્રલ ઇન્ફોર્મેશન કમિશનમાં ઇકોર્ટ સિસ્ટમનું ઉદ્ઘાટન કર્યું હતું. આનાથી અરજીઓના મામલામાં પારદર્શિતા આવશે અને કામગીરી પેપરલેસ થશે. રાજનાથસિંહના આજના નિવેદનને ઉપયોગી ગણવામાં આવે છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, હાલના સમયમાં આરટીઆઇનું મહત્વ વધ્યું છે. જ્યાં સુધી આરટીઆઇની વાત છે લોકો અને સરકાર વચ્ચે દૂરસંચારના એક અસરકારક માધ્યમ તરીકે છે. નીતિઓ ઘડવામાં લોકોની ભાગીદારી વધી ગઇ છે. ૪૦ હજારથી વધારે સૂચનો જીએસટીને લઇને આવી ચુક્યા છે. વધુ સિસ્ટમ આગામી દિવસોમાં ડિજિટલ બનાવી દેવામાં આવશે. પારદર્શિતા લાવવામાં આવશે.



બંધારણની કલમ ૨૧ હેઠળ અધિકારો અંગે લોકોને જાગૃત કરવાનું કામ કરાઇ રહ્યું છે. સરકારની જવાબદારી રહેલી છે. લોકોની ફરિયાદના નિવારણ માટે સિંગલ વિન્ડો સિસ્ટમ સ્થાપિત કરવામાં આવશે જેથી લોકોને જુદી જુદી ઓફિસ પર ધક્કા ખાવા ન પડે.

અભિનંદન



મહંતશ્રી શંભુનાથજી ગુરૂશ્રી બળદેવનાથજી

તીર્થધામ ઝાંઝરકાના મહંતશ્રી શંભુનાથજી ગુરૂશ્રી બળદેવનાથજી ગુજરાત વણકર સમાજ અને વીરમાયા સ્મારક સમિતિ પાટણના માર્ગદર્શક (ચીફ પેટ્રન) તરીકે શુભ અને પવિત્ર ફરજ અદા કરશે તેવું તેઓશ્રીએ તા. ૨૪/૧૦/૨૦૧૬ને સોમવારે સરકીટ હાઉસ, ગાંધીનગરની બેઠકમાં સ્વીકારેલ છે. જે બદલ આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ અને તેઓશ્રીનો આભાર માનીએ છીએ....

ઝવેરભાઈ ચાવડા | ડી. પી. પરમાર
નરસિંહદાસ કે. વણકર | રતિલાલ એલ. મકવાણા
અનિલભાઈ જે. ચક્રવર્તી | પી. ડી. સુતરીયા
શામળભાઈ ડી. સુતરીયા | કાન્તીલાલ સી. પરમાર
સતીષ શાહ | પાનાચંદ પી. સોલંકી
ધનજીભાઈ એમ. જાદવ | બાબુભાઈ જી. સોલંકી
હર્ષદભાઈ એમ. ચાવડા | નવિનભાઈ યુ. પરમાર
વિઠ્ઠલભાઈ પી. પરમાર | ધીરજભાઈ કે. સોલંકી
કાન્તીલાલ આઈ. મકવાણા | કાન્તીલાલ ડી. પરમાર
નિરંજન ચાવડા | જોઈતારામ ટી. તલાટી
મફતલાલ બી. પરમાર | ટી. આર. સોલંકી
કુબેરભાઈ કે. વણકર | ગણેશભાઈ એસ. પરમાર
ડો. ગૌતમ એસ. પરમાર | મણીલાલ એન. પરમાર

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ન્યુરોન દર બુધવારે ન્યુરોનના ન્યુરોફીઝીશીયન વિસનગર અને માણસામાં...
● વાઈ /ખેંચ ● લકવા ● માથાનો દુઃખાવો ● કંપવા / ધ્રુજારી ● મણકાની તકલીફ / સ્પાઈનના રોગો ● ચક્કર
ડૉ. કમલ નાગર (DM ન્યુરોલોજીસ્ટ) ૯૮૨૫૮૪૭૫૮૬
ડૉ. ભાવેશ સોલંકી (DM ન્યુરોલોજીસ્ટ) ૯૭૨૬૦૭૭૫૮૬
સમય : વિસનગર : સવારે ૧૧ થી ૨ માણસા : બપોરે ૩ થી ૬
વિસનગર: બંસીધર સીટી સ્કેન સેન્ટર, ૫, વિસત કોમ્પલેક્ષ, શિર્ડીનગર સોસાયટી પાસે, મોર્ડન ઈંગ્લિશ સ્કૂલ પાસે, ધરોઈ કોલોની સામે, ખેરાલુ, અંબાજી હાઈવે રોડ. એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક : મો : ૭૭૭૮૦૭૫૨૫૦
માણસા: બંસીધર ડિઝીટલ એક્સ-રે, સોનોગ્રાફી ક્લિનીક, ૬ પહેલો માળ, ભગવતી શોપીંગ સેન્ટર, માર્કેટયાર્ડની સામે, એસ.ટી.રોડ. એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક : મો : ૦૨૭૬૩-૨૭૩૬૦૦
ન્યુરોન, નહેરુનગર ચાર રસ્તા, હનુમાન મંદિર સામે, આંબાવાડી, અમદાવાદ-૧૫.
મો : ૦૯૯૨૫૯૦૭૫૮૬ / ૦૯૮૨૫૦૦૭૫૮૬ / ૦૯૯૦૯૭૦૭૫૮૬

PSI
વર્ગ-૩ માસ્ટર કોર્ષ પ્રવેશ શરૂ
Classmate ACADEMY HITESH SIR
Mo.98248 87985, 7878787985
સેક્ટર-૩, ઘ-દોઢના બસ સ્ટેન્ડની બાજુમાં, આધ્યા બેન્ક પાસે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m. 8 , SIDDHRAJ ZORI , SARGAASAN - G'NAGAR 09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m. E-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26 ,G'NAGAR 09462597151 , 09414119651

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭